Extra No. 65

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, FEBRUARY 27, 2026 / PHALGUNA 08, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) Dy.CE(C)III-ADI, Ahmedabad's letter No. HMT-ADI/GC/M-1-1, Dt.19/02/26

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૬/૦૨/૨૦ના પત્ર ક:ટ્રાફિક/સોનાસણ/રોડ ડાયવર્ઝન/અભિપ્રાય/૨૬૨/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું.

નં.પી.ઓ.એલ.-૨/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૩૦૮/૨૦૨૬.-આમુખ-(૧)ના પત્રની વિગતે સોનાસણ સ્ટેશન યાર્ડ પ્રોજેક્ટ અંતર્ગત "પ્રોવિડિંગ ગુડ્સ લાઈન વિથ પ્લેટફોર્મ" માટે બેરલ લંબાઈ વધારવા તથા રેલવે બ્રિજ (LHS) નં. 74 ખાતે અન્ડરપાસના કામ માટે (A) NH-48 થી (B) સલાલ વાળો રસ્તો **૪૦(ચાલીસ)** દિવસ માટે બંધ કરવાની અને ડાયવર્ઝન આપવાની પરવાનગી આપવા માંગણી કરેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રીના અભિપ્રાય મુજબ સોનાસણ રેલ્વે સ્ટેશન ખાતે એન્જીનીયર સાથે સ્થળ વિઝીટ કરી સોનાસણ સ્ટેશન યાર્ડ તથા રેલ્વે બ્રીજ LHS-74 A અંડર પાસ ખાતે કામકાજ કરવાનું હોઈ સલાલ ગામથી તીરૂપતિ હોટલ સલાલ-સોનાસણ ચોકડી ખાતે જતો રસ્તો માણસો તથા વાહનોની અવર જવર કરવા સારૂ બંધ કરવા તથા ઉપરોકત રસ્તાનુ ડાયવર્ઝન આપી સલાલ-મોયદ-રસુલપુર-સાંપડ ગામના નાગરીકોએ સદર રસ્તો બંધ થયેથી વૈકલ્પિક રસ્તા તરીકે મોયદ-રસુલપુર (વાયા સલાલ) રોડ થઈ ને.હા.નં.૪૮ રોડનો ઉપયોગ કરવા તથા સલાલ બજારમાં જવા રસુલપુર અન્ડરપાસ LHS-72 A નો ઉપયોગ કરવા તેમજ સલાલ ગામ થઈ સલાલ-સોનાસણ ચોકડી જતા રેલ્વે બ્રીજ LHS-74 A અંડર પાસ રસ્તો તમામ લોકોની અવર-જવર તથા વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ મુકવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, વિગતે સોનાસણ સ્ટેશન યાર્ડ પ્રોજેક્ટ અંતર્ગત "પ્રોવિડિંગ ગુડ્સ લાઈન વિથ પ્લેટફોર્મ" માટે બેરલ લંબાઈ વધારવા તથા રેલવે બ્રિજ (LHS) નં.74 ખાતે અન્ડરપાસના કામ માટે (A) NH-48 થી (B) સલાલ સુધીનો રોડ ૪૦ દિવસ સુધી રસ્તો બંધ કરવા અને નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી તા.૨૭/૦૨/૨૦૨૬ સવારે ૭:૦૦ કલાક થી તા.૦૭/૦૪/૨૦૨૬ના સાંજે ૦૭:૦૦ કલાક સુધી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર ::-

સલાલ ગામથી તીરૂપતિ હોટલ સલાલ-સોનાસણ ચોકડી બાજુ જતો રસ્તો

-:: વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

સલાલ-મોયદ-રસુલપુર-સાંપડ તરફ અવરજવર માટે વૈકલ્પિક રસ્તા તરીકે મોયદ-રસુલપુર (વાયા સલાલ) રોડ થઇ ને.હા.નં.૪૮ અને સલાલ બજારમાં જવા રસુલપુર અન્ડરપાસ LHS-72 A નો ઉપયોગ કરવાનો રહેશે.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૨૭/૦૨/૨૦૨૬ સવારે ૭:૦૦ કલાક થી તા.૦૭/૦૪/૨૦૨૬ના સાંજે ૦૭:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:05:19 IST